KD Hospital®
કુસુમ ધીરજલાલ હોસ્પિટલ

# એપિલેપ્સી

## (ખેંચ/વાઈ) નો ઈલાજ શક્ય છે!

**એપિલેપ્ટોલોજીસ્ટ અને એપિલેપ્સી સર્જનોની અગ્રણી ટીમ સાથે ગુજરાતનું સૌથી વ્યાપક એપિલેપ્સી સારવાર કેન્દ્ર**

## એપિલેપ્સી શું છે?

એપિલેપ્સી મગજનો એક ડિસઓર્ડર છે, જે કોઈને પણ થઈ શકે છે. મગજમાં રહેલા કોષોમાં ઊર્જાનો પ્રવાહ જળવાઈ રહે છે, પણ ક્યારેક કોઈ કારણસર આ પ્રવાહમાં અચાનક વધઘટ થાય છે, જેથી શરીરની કામગીરી ખોરવાઈ જાય છે. આ પરિબળોથી વ્યક્તિ અચાનક પોતાના શરીર પરનો કાબૂ ગુમાવી દે છે, તે નીચે પડી જાય છે, શરીર કડક થઈ જાય છે અને મોઢામાંથી ફીણ નીકળે છે. આ સ્થિતિને એપિલેપ્સી કહે છે, જેને લોકો સરળ ભાષામાં "ખેંચ" કે "વાઈ" પણ કહે છે. માથાની ઈજા, વધુ દારૂનું સેવન, અથવા બ્રેઈન ટ્યૂમર પણ ખેંચ માટે જવાબદાર હોઈ શકે છે.

## ખેંચના લક્ષણો

- ભાન ગુમાવવું
- પાંપણના પલકારા મારવા - શરીરમાં ઝટકા આવવા
- વારંવાર જમીન પર પડી જવું
- સ્નાયુઓમાં આંચકા અથવા ખેંચાણ આવવું
- સંવેદનામાં ફેરફાર જેમ કે વિચિત્ર સ્વાદ અથવા ગંધ
- મૂંઝવણ થવી કે સ્તબ્ધ થઈ જવું
- વિચિત્ર આભાસ થવો - જેમ કે પેટમાંથી કંઈક અજુગતું ઉપર ચડે તેવું લાગવું, આંખો સામે આભાસી દ્રશ્યો દેખાવા, ખોટા ભણકારા વાગવા
- અજ્ઞાત અવસ્થામાં કપડા ખેંચવા, કારણ વગર આંટા મારવા કે હોઠ બીડવા, ચાવવાની ક્રિયા કરવી, ક્યારેક વાહન ચલાવવાની ક્રિયાઓ કરવી, હેતુ વગર હલનચલન કરવું
- માંથુ ખાલી ખાલી લાગવું, હાથ-પગમાં ઝણઝણાટ થવી
- કારણ વગર બોલબોલ કરવું
- વિના કારણ બરાડા પાડવા કે તોફાન કરવું



## ખેંચના બે પ્રકાર હોય છે

1. આંશિક (Focal): શરીરના કોઈપણ ભાગને અસર કરે છે. ક્યારેક કોઈ વ્યક્તિને પ્રથમ ફોકલ ખેંચ આવે છે, ત્યારબાદ તે પૂર્ણ ખેંચમાં પરિવર્તિત થતી હોય છે.
2. પૂર્ણ (Generalised): સમગ્ર શરીરમાં એક સાથે અસર ચાલુ કરે છે.

## ખેંચના નિદાન માટે કઈ તપાસ કરી શકાય?

- વિડિયો ઈ.ઈ.જી. (એન્સેફેલોગ્રામ) - મગજમાં ઉત્પન્ન થતાં ઇલેક્ટ્રીક સીગ્નલ્સનું રેકોર્ડિંગ સાથે વિડિયોગ્રાફી થતી હોય છે.
- એમ.આર.આઈ / સી.ટી. સ્કેન બ્રેઈન- મગજની અંદર કોઈ ગાંઠ, ઇજા, વિકાસની ખામી વગેરેનું નિદાન કરે છે.
- લોહીની તપાસ
- કમરમાંથી પાણી ખેંચવાની તપાસ - મગજના ઈન્ફેક્શનના નિદાન માટે.

# એપિલેપ્સીની સારવાર

- ખેંચની દવાઓ દ્વારા સારવાર
- એપિલેપ્સી સર્જરી
- પુનર્વસન થેરાપી

## અમારા નિષ્ણાત



**ડૉ. ગોપાલ શાહ**

વરિષ્ઠ કન્સલ્ટન્ટ ન્યુરોસર્જન
Mch ન્યુરોસર્જરી



**ડૉ. ઋતુલ શાહ**

કન્સલ્ટન્ટ ન્યુરોલોજીસ્ટ અને એપિલેપ્ટોલોજીસ્ટ
DM ન્યુરોલોજી (NIMHANS - બેંગલોર)
PDF ઇન એપિલેપ્સી (અમૃતા ઇન્સ્ટિટ્યૂટ, કોચી)



**ડૉ. અભિષેક ગોહેલ**

કન્સલ્ટન્ટ ન્યુરોલોજીસ્ટ અને એપિલેપ્ટોલોજીસ્ટ
DM ન્યુરોલોજી (NIMHANS - બેંગલોર)
PDF ઇન એપિલેપ્સી (અમૃતા ઇન્સ્ટિટ્યૂટ, કોચી)


**વધુ માહિતી માટે 079 6677 0000**

વૈષ્ણોદેવી સર્કલ પાસે, સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદ-382421

www.kdhospital.co.in | KDHospitalOfficial | KD Hospital | kdhospitalofficial


QR CODE
સ્કેન કરો